ઉમેદવારોને ઘોડે ચડવાનો ભલે રઘવાટ હોય પણ જાન તો હાઈકમાન્ડ ઈચ્છશે ત્યારે જ નીકળશે

સમયસર

ગાંધીનગરના મતદારો જાણે છે કે ખરા સમયે કોણ સાથે રહ્યું ને કોણ છુમંતર થયું

ગાંધીનગર મહાનગરપાલિકાની મુલત્વી રહેલી ચૂંટણી હવે ક્યારે યોજાશે એ આજકાલ ટોક ઓફ ધ ટાઉન છે અને હમણાં યોજાય તો કોને લાભ થાય..?! આવા અનેક સવાલો શહેરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની રહ્યા છે.

હમણાં ચૂંટણી યોજવાનો સમય યોગ્ય નથી એવું મુખ્યમંત્રીએ મહાનગર ભાજપના કાર્યક્રમના સંબોધનમાં જણાવ્યું હતું. આમ છતાં ભાજપના ઉમેદવારોમાં ડોકાતો રઘવાટ દેખાઈ આવે છે. કશુંક કરી નાખવું..! મતદારોને મોહિત કરી નાખવા અને પોતે સેવાભાવી હોવાની છાપ ઉભી કરવાની લાહ્યમાં ભુલોની પરંપરા સર્જી રહ્યા છે. કોરોનાના બીજા તબક્કામાં શાસક ભાજપ પક્ષને ઘણું બધુ સાંભળવાનું આવ્યું અને રાજ્ય કે કેન્દ્ર સરકારની ઈમેજમાં પણ ભારે ધક્કો વાગ્યો છે ત્યારે ઈમેજ સુધારવાના મનસુબા પણ સેવાકાર્યોમાં રૂપાંતરીત થઈ રહ્યા છે પરંતુ પ્રજાનો ગુસ્સો હજુ કંઈક ઘટ્યો હોય તેવું વરતાતુ નથી. જે જે પરીવારોએ સ્વજનો ગુમાવ્યા છે અને ઓક્સિજન અને ઈન્જેક્શન માટે જેમણે જેમણે ધક્કા ખાધા છે અને હોસ્પિટલમાં બેડ માટે ફૂટબોલની જેમ અથડાયા છે તેમનો ચચરાટ હજુ અકબંધ છે. એટલે ચૂંટણીનો રઘવાટ 'માવઠા' જેવી સ્થિતિ ઉભી કરે તેવુ સ્પષ્ટ દેખાય છે. અનુભવે એમ લાગ્યું છે કે સ્મૃતિ ધીમે ધીમે વિસરાય છે એટલે આ દુઃખ પણ વિસરાઈ જશે એમ ભાજપના ચાણક્યો માને છે અને એટલે હમણાં ચૂંટણીનું કોઈ જોખમ વહોરવા તૈયાર નથી. ભલે ઉમેદવારોને ઘોડે ચડવું હોય તો ચડે પણ જાન તો હાઈકમાન્ડ કહેશે ત્યારે જ નીકળશે.

પ્રજાની લાગણીઓ સામે રમત રમનારા રાજકીય આગેવાનો કોરોનાની આટલી મોટી થપ્પડમાં પણ કંઈ શીખતા નથી તેનો સમાજને અફસોસ છે. ઊંડા ઘા ઉપર નાનકડા મલમો કેટલા કારગત નીવડશે એ તો સમય જ નક્કી કરી શકે એમ છે. મહાનગરપાલિકાની ચૂંટણી એ ગુજરાત માટે લીટમસ ટેસ્ટ બની રહેશે. કારણ કે ૨૦૨૨માં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં મતદારોનો મિજાજ કેવો હશે એના અંદાજો મનપાના પરિણામો ઉપરથી નક્કી થશે. અને હા..! ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં શહેરી મતદારો પણ છે અને ગ્રામીણ મતદારો પણ છે. ભણેલાએ છે અને અભણ પણ છે... યુવાનો પણ છે અને વડીલો પણ છે. તમામ જ્ઞાતિ સમાજો, જ્ઞાતિ ધર્મોના લોકો અહીં રહે છે એટલે અહીંનું પરિણામ આવતીકાલના અંદાજો માટે આધારૂપ જરૂર બની શકે એમ છે.

...અને સાહેબ ગાંધીનગરના મતદારો ચતુર છે. એ ઓળખે છે કે કસોટીના કાળમાં પડખે કોણ ઉભું રહે છે અને કોણ દંભી દેખાડા કરે છે..! પ્રેસનોટ માટે કરાતી સેવાઓને પણ ગાંધીનગર સારી રીતે ઓળખે છે. એટલે હવે તો ગાંધીનગરના મતદારો ઈચ્છે છે કે પીડાના ઘા પર રાજકારણના રોટલા શેકવાનું બંધ કરી રચનાત્મક કાર્યમાં જોડાવું જ સમયસરનું રહેશે..!!

શહેરમાં રાત્રે ગાજવીજ સાથે વરસાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે મોડી સાંજે પવન સાથે વરસાદનું આગમન થયું હતું.

પવન સાથે આવેલા વરસાદને પગલે સાંજે શહેરના વાતાવરણમાં પણ પલ્ટો જોવા મળ્યો હતો. મોટા-મોટા ફોરા સાથે પડેલા વરસાદને આમ તો પ્રિ-મોન્સુન એક્ટીવીટીનો ભાગ ગણવામાં આવી રહ્યો હતો. વાદળછાયુ વાતાવરણ સાંજથી જોવા મળતું હતુ અને રાત્રે ૯ વાગ્યાના સુમારે આ વરસાદ શરૂ થયો હતો.

શહેરમાં સાંજે ૭ ના સુમારે તેજ પવન શરૂ થયો હતો. પવનની સાથે વરસાદના આગમનના એંધાણ વર્તાતા હતા. રાત્રે ૯ વાગ્યાના સુમારે ગાજવીજ સાથે વરસાદનું ઝાપટુ શહેર અને આસપાસના વિસ્તારોમાં પડ્યુ હતુ. લગભગ પોણો કલાક સુધી વરસેલા વરસાદથી શહેરમાં પાણી ભરાયા હતા. આશરે ૧૨ થી ૧૫ મિલિ મીટર વરસાદ પડ્યાનો અંદાજ છે. એકાએક વરસેલા વરસાદથી ઘણા બધા આયોજનોમાં હાલાકી સર્જાઈ હતી. વાહનચાલકો પણ અટવાયા હતા અને રાહદારીઓ અલગ અલગ જગ્યાએ આશરો લઈ વરસાદથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ લખાય છે ત્યાં સુધી પણ ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો અને સાથે સાથે હજુ પણ ગાજવીજ યથાવત છે. પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગ હોવા છતાં આજનો વરસાદ આરોગ્ય માટે ભારે નુકશાનકારક બની શકે છે. મેલેરિયા, ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગો પણ પ્રસરી શકે છે.

સરકારી-ખાનગી કચેરીઓ હવે ૧૦૦ ટકા સ્ટાફ સાથે કાર્યરત

કોરોનાના કેસ ઓછા થતા રાજ્ય સરકારની તમામ કચેરીઓ પૂર્ણ સ્ટાફ સાથે ચલાવવાનો નિર્ણય : ૫ મી જૂનથી રાબેતા મુજબ કચેરીઓ કાર્યરત રહેશે : ખાનગી ઓફિસોના પ્રતિબંધો પણ હટાવાયા

ગાંધીનગર, તા. ૪

છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસો ઘટતા રાજ્ય સરકાર ધીમે ધીમે પ્રતિબંધો ઘટાડી રહી છે. રાજ્ય સરકારની કચેરીઓ હવે સો ટકા સ્ટાફ સાથે સંપૂર્ણપણે કાર્યરત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. ખાનગી કચેરીઓના પ્રતિબંધોને પણ હળવા કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કોરોનાની બીજી લહેર હળવી થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. એક સમયે ૧૫ હજારથી વધુ કેસ નોંધાતા હતા જે હવે સાવ ઘટી ગયા છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી બે હજારથી ઓછા કેસ નોંધાતા રાજ્ય સરકારે રાહતનો શ્વાસ લીધો છે. કેસોની સંખ્યા ખૂબ ઓછી થતા રાજ્ય સરકારે રાહતો આપવાનુ શરૂ કર્યુ છે.

અંશતઃ લોકડાઉનને ધીમે ધીમે દૂર કરાઈ રહ્યું છે. વેપાર-ધંધા માટે સાંજે ૬ વાગ્યા સુધી છૂટ આપવામાં આવી છે. રાત્રી કરફ્યુના સમયમાં ઘટાડો કરાયો છે. કોરોનાની દહેશત ઓછી થતા રાજ્ય સરકારે રાબેતામુજબ કાર્ય શરૂ કર્યુ છે. સરકારી અને ખાનગી કચેરીઓમાં ૫૦ ટકા સ્ટાફ રાખવાના આદેશો અપાયા હતા. હવે કેસો ઘટતા ૫ મી જૂનથી રાબેતામુજબ સરકારી અને ખાનગી કચેરીઓ કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે. સરકારી કચેરીઓ દર શનિવારે બંધ રહેતી હતી તે હવે રાબેતા મુજબ કાર્યરત રહેશે. આગામી દિવસોમાં વધુ છૂટછાટ આપવાનો નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે. સાથે જ રસીકરણના કાર્યને આગળ ધપાવાયુ છે.

શહેરના બિનઅધિકૃત કબજા હેઠળના આવાસો મામલે સર્વે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના બિન અધિકૃત કબજા હેઠળના આવાસો અંગે તંત્ર દ્વારા કડક રાહે સર્વે હાથ ધરાયો છે. જેમાં આવાસની ફાળવણી બાદ કબજેદાર તેમજ તેમના પરિવારજનો જ વસવાટ કરે છે તે અંગેની પણ ખરાઈ કરવામાં આવે છે. અગાઉ પણ આ અંગે સર્વે હાથ ધરાયો હતો જયારે આ સર્વેના અંતે તંત્ર દ્વારા બિન અધિકૃત કબજામાંથી આવાસોને મુકત કરાવવા માટે પણ કડક કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય નથી. અલબત્ત જોખમી , જુના અને જર્જરિત આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે કેટલાક આવાસોને મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે. વિભાગ કક્ષાએથી તબક્કાવાર મંજુરીના અંતે આવાસોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. સેકટરોમાં સ્થિત વર્ષો જુના સરકારી આવાસોમાં કર્મચારીઓની બદલી , નિવૃતિ અને અવસાન બાદ પણ હજુ બિન અધિકૃત કબજો હોવાના કિસ્સાઓ ધ્યાને આવી રહ્યા છે. અગાઉ તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેના અંતે શહેરમાં અંદાજિત ૪૦૦ જેટલા મકાનોમાં બિન અધિકૃત કબજો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જેના અંતે તંત્ર દ્વારા આવાસોને બિન અધિકૃત કબજામાંથી મુકત કરાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ હાલની સ્થિતિએ પણ શહેરના સેકટરોમાં હજુ બિન અધિકૃત કબજા હેઠળના આવાસોની સંખ્યા વધુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા વધુ એકવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જો કે આ સર્વે દરમિયાન આવાસમાં રહેતા પરિવારજનો બિનઅધિકૃત રીતે વસવાટ કરતા નથી તે અંગે ખુબ જ ચિવટાઈથી અભ્યાસ કરવામાં આવે છે. જેમાં કબજેદારને આવાસ ફાળવવામાં આવ્યુ હોવાની સાથે તેમના પરિવારજનો જ વસવાટ છે તે અંગે પણ યોગ્ય તપાસ કરવામાં આવે છે. શહેરમાં એક પણ આવાસ બિનઅધિકૃત કબજા હેઠળનુ રહી ન જાય તે માટે વિશેષ ચોકસાઈ દાખવવામાં આવી રહી છે. એકબાજુ જુના આવાસો તોડવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે બિનઅધિકૃત કબજેદારો મકાનો ખાલી ન કરતા આ કામગીરી પણ અટવાઈ છે. જયારે અન્ય કર્મચારીઓની અરજીને પણ ન્યાય મળતો નથી જેને અનુલક્ષી હાલ તંત્રની ટીમ દ્વારા સેકટરોમાં પુરતી તપાસ કરવામાં આવી રહી છે. સર્વેના અંતે બિનઅધિકૃત કબજેદારોને મકાન ખાલી કરાવવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજે શહેરમાં ૨ હજાર તુલસી- લીમડાના રોપાઓની વાવણી

સે-૨૮ દત્ત મંદિર પાસે નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં રોપાઓની વાવણી કરાશે : નગરની કોવિડ હોસ્પિટલ અને નર્સરીમાં પણ રોપાઓનુ વાવેતર કરાશે

ગાંધીનગર તા ૪

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વનવિભાગ દ્વારા શહેરમાં વિવિધ ઠેકાણે વૃક્ષારોપણ કરવામાં આવશે. આ દરમિયાન શહેરમાં સે-૨૮ માં પણ લીમડા અને તુલસીના રોપાઓની વાવણી કરાશે. જયારે ગાંધીનગર રેન્જમાં આવતી કોવિડ હોસ્પિટલમાં પણ લીમડા અને તુલસીના રોપાઓની વાવણી કરાશે. વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે વનતંત્ર દ્વારા શહેરમાં હરિયાળી નિખરે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૮ માં દત્ત મંદિર પાસે વૃક્ષારોપણના કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીના હસ્તે નવા રોપોઓની વાવણી કરાશે. ગાંધીનગરમાં વિકાસ કામોના નામે હરિયાળીનો સોથ વળ્યો છે. સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે અનેક વિધ સોહામણા વિકાસના પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે. આ દરમિયાન માર્ગ વાઈડનીંગ અને હાઈરાઈસ બિલ્ડીંગના નિર્માણના લીધે પણ અત્યાર સુધી સંખ્યાબંધ વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. બે દાયકાના અંતે શહેર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. બીજીતરફ સ્થાનિકો પણ હરિયાળીના જતન અને રક્ષણ માટે વિશેષ જાગૃત બન્યા છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન આમ પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે ૫ જુનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વનવિભાગ દ્વારા સે-૨૮ માં વિવિધ બે ઠેકાણે નવા રોપાઓની વાવણી કરવામાં આવશે જેમાં સે-૨૮ સ્થિત દત્ત મંદિર પાસેની ખુલ્લી જગ્યામાં લીમડા અને તુલસીના ૪૦૦ રોપાઓની વાવણી કરાશે. જયારે નજીકમાં અન્ય ઠેકાણે પણ વર્ચુયલ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગરના સાંસદ અમિત શાહની હાજરીમાં તુલસી અને લીમડાના ૪૭૦ રોપાઓની વાવણી કરાશે.

આ ઉપરાંત ગાંધીનગર રેન્જની તમામ નર્સરીમાં ૧૦૮ તુલસીના રોપાઓની વાવણી કરાશે. જયારે વનતંત્રના દ્રષ્ટીકોણથી ગાંધીનગર રેન્જમાં આવતી કોવિડ હોસ્પિટલ ગોયંકા, હાઈટેક, સે-૨૬ , પેથાપુર અને સિવિલ હોસ્પિટલ અને એસટીસીમાં પણ લીમડા તુલસીના રોપાઓનુ વાવેતર કરાશે. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે સમગ્ર શહેરમાં અંદાજિત ૨ હજારથી પણ વધુ રોપાઓની વાવણી કરવા માટે વનતંત્રની ટીમ કામે લાગશે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ કાબુમાં : ૧૩ નવા કેસ

દહેગામ-કલોલમાં ૧-૧ કેસ : માણસામાં બે કર્મયોગી કોરોનાની ઝપેટમાં : સે. ૨, ૨૯ અને પેથાપુરમાં ૨-૨ કેસ સહિત ૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સંપૂર્ણ નિયંત્રણમાં આવી ગયુ છે. આજે કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪ અને ગાંધીનગર શહેરમાં ૯ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે પણ ૪ જ કેસ મળી આવ્યા છે. આજે દહેગામ-કલોલમાંથી એક-એક અને માણસામાંથી બે કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૪ કેસમાંથી બે દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં બે કર્મયોગીઓનો સમાવેશ થાય છે. દહેગામ તાલુકાના કડાદરા અને કલોલના છત્રાલ ગામેથી એક કેસ મળેલ છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. માણસા તાલુકામાં આજે બે કર્મયોગીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. તાલુકાના અમરાપુર અને વેડાના કર્મયોગીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૩૭૯ લોકો કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૪૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૩૫૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૯ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દીઓ છે, જ્યારે ૬૦ થી વધુ વયની એક વ્યક્તી અને ૧૦ વર્ષના કિશોરનો પણ સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. શહેરમાં આજે સે, ૨, ૨૯ અને પેથાપુરમાંથી ૨-૨ કેસ ઉપરાંત સે, ૬, ધોળાકુવા અને જીઈબીમાંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે વધુ ૨૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૩૨૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં ત્રણ હજાર યુવાનોને વેક્સિન અપાઈ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ વિવિધ ગામની દૂધ મંડળીઓના હોદ્દેદારો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વાત કરી

ગાંધીનગર, તા. ૪

વૈશ્વિક મહામારી કોરોના

જેવી ગંભીર બિમારી સામે રક્ષણ આપતી કોરોના રસીની કામગીરી અત્યારે ગાંધીનગર જિલ્લામાં પૂરજોશથી કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને વધુ વેગવંતુ બનાવવા માટે ગાંધીનગર જિલ્લામાં આજથી ૧૮ વર્ષથી ૪૫ વર્ષની વય ધરાવતા દરેક વ્યક્તિને કોરોનાની રસી આપી સુરક્ષિત કરવા માટે રસીકરણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. આજથી શરૂ થયેલ ૧૮ વર્ષથી ૪૫ વર્ષના ૩૦૦૦ જેટલા નાગરિકોને અલગ-અલગ કેન્દ્રો પર કરોનાની રસી આપી સુરક્ષિત કરવામાં આવ્યા છે.

આગામી શનિવાર તેમજ રવિવારે પણ કલોલ તાલુકામાં શહેરી આરોગ્ય કેન્દ્ર ૧, શહેરી આરોગ્ય કેન્દ્ર ૨, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાચરડા, પાનસર અને મોખાસણ તેમજ માણસા તાલુકામાં માણસા અર્બન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પુઠ્ઠી, આજોલ, ઈટાદરા, ગાંધીનગર તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉવારસદ, રૂપાલ અને દહેગામ તાલુકામાં દહેગામ અર્બન સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાંપા, અને પાલુન્દ્રા ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૫ રસીકરણ કેન્દ્રો પર શનિવાર અને રવિવારે પણ રાબેતા મુજબ કેન્દ્રો ચાલુ રહેશે.

જયાં વેક્સિન માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ અને પોતાનો સ્લોટ બુક કરાવેલ તમામ ૧૮ વર્ષથી ૪૫ વર્ષની વય ધરાવતા વ્યક્તિઓને કોરોના રસી આપી રક્ષિત કરવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન સ્લોટ દરરોજ સાંજે ૫ વાગ્યા પછી બનાવવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન સ્લોટ બુક કરાવો ફરજિયાત છે. સ્થળ ઉપર રૂબરૂ રજીસ્ટ્રેશન થઈ શકશે નહીં તેમજ રજિસ્ટ્રેશન વખતે ઓળખપત્રની નકલ રસીકરણ કેન્દ્ર પર ચોક્કસથી જોડે રાખવાની રહેશે.

ગાંધીનગર જિલ્લાની જાહેર જનતાને આ રસીકરણ મહા અભિયાનમાં જાગૃત નાગરિક તરીકે ભાગીદાર બનવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અપીલ છે. ગાંધીનગર જિલ્લામાં આજ રોજ અંદાજીત ૪૬૧૩ લાભાર્થીઓને ૨૫ સેન્ટરો પર રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં કોવિડ રસીનો કુલ ૨,૨૨,૮૯૦ લાભાર્થીને પ્રથમ ડોઝ અને ૮૫, ૭૫૫ લાભાર્થીને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જેમાં ૪૫ થી ૬૦ વય જુથના ધરાવતા અને ૬૦ વર્ષ ઉપરની વય જુથના કુલ ૧,૮૫,૨૭૦ લાભાર્થીને પ્રથમ ડોઝ અને ૬૨,૪૯૩ લાભાર્થીને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

શહેરના ઘ-૪ પરના અન્ડરપાસને રિપેરીંગના નામે બંધ કરવો પડ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં ઘ-રોડ પર બનાવવામાં આવેલ અંડરપાસ આજે વધુ એક વખત વિવાદમાં આવ્યો છે. અંડરપાસનુ રિપેરીંગ કામ ચાલુ હોવાથી બંધ કરવો પડ્યો છે.

રૂ. ૩૫ કરોડના ખર્ચે ઘ-રોડ પર બનેલ અંડરપાસ આજે પણ તેની નબળી કામગીરીને લઈ વધુ એક વખત વિવાદમાં આવ્યો હતો.

અંડરપાસમાં પાણીના નિકાલ માટે રોડની વચ્ચે લોખંડની જાળીઓ મુકવામાં આવી છે. આ જાળીઓને કારણે વરસાદી પાણીનો નિકાલ કરાય છે. પરંતુ વાહનોની અવર-જવર અર્થાત્ ટ્રાફિકને ભારણને કારણે આ જાળીઓ છુટી પડી ગઈ હતી તેમજ અકસ્માતનો ભય ઉભો થયો હતો.

આજે તંત્ર દ્વારા આ છુટી પડી ગયેલી જાળીઓને વેલ્ડીંગ કરી પુનઃ ફીટ કરવામાં આવી હતી. કામ ચલાઉ થીંગડા મારીને અંડરપાસની નબળી કામગીરી પર પડદો ઢાંકવાના પ્રયાસો વચ્ચે ચોમાસામાં શું થશે તેની ચિંતામાં નગરજનો ગરકાવ થઈ ગયા છે.

શહેરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવના નામે સ્માર્ટસીટીમાં બનાવવામાં આવેલ અન્ડરપાસની નબળી કામગીરી અંગે તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગણી લોકોમાં ઉઠવા પામી છે.

જિલ્લામાં મહેસુલી વેરાની માત્ર ૨ ટકા જ વસુલાત !!

જિલ્લા વિકાસ અધિકારી ભડક્યા : નબળી વેરા વસુલાત અને યોજનાકીય કામોના અમલીકરણ અને મોનીટરીંગમાં ઉદાસીનતા સામે નરાજગી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તાલુકાકક્ષાએ નબળી કામગીરીને લઈ આજે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તાલુકા વિકાસ અધિકારીઓની યોજાયેલી સમીક્ષા બેઠક દરમ્યાન જિલ્લામાં નબળી મહેસુલી વેરાની વસુલાત, પંચાયતી વેરાની વસુલાત તેમજ ૧૫ મા નાણાંપંચની અટવાયેલી કામગીરી, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની કામગીરીને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે મહેસુલી વેરાની વસુલાત માત્ર ૨ ટકા જેટલી જ થઈ હોવાથી તેઓ એક તબક્કે ગુસ્સે પણ થયા હતા. પંચાયતોના વેરાની વસુલાત પણ ૫૦ ટકાથી નીચે હોવાથી સખ્ત નારાજ થયા હતા

મહેસુલી વેરામાં ગાંધીનગર તાલુકામાં ૧૮ ટકા, માણસામાં ૮ ટકા, કલોલમાં ૨ ટકા અને દહેગામમાં માત્ર નવ ટકા જેટલી જ વસુલાત થઈ હોવાની વાતને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યુ કે વારંવારની સુચનાઓ વસુલાતને સઘન બનાવવા પર આપવામાં આવી હોવા છતાં આટલી નબળી વસુલાત સાંખી શકાય નહિ. તેમણે નબળી વસુલાત કરનારા તલાટીઓ સામે જરૂર પડ્યે શિક્ષાત્મક પગલાં લેવા પણ તાલુકા વિકાસ અધિકારીઓને જણાવ્યુ હતું.

● અનુસંધાન પાન-૭ પર

... એ તલાટીઓના એચ.આર.એ. બંધ કરી દેવાની ડી.ડી.ઓ.ની સૂચના

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તલાટીઓ તેમના સેજા પર હાજર રહેતા નહિ હોવાની તેમજ તેમની ફરજના સ્થાન પર રાત્રિ રોકાણ ફરજીયાત હોવા છતાં નહિ રોકાણ કરતા તલાટીઓના એચ.આર.એ. બંધ કરવાની સૂચના આજે જિલ્લા વિકાસ અધિકારીએ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તલાટીઓ મળતા નથી અને પંચાયતોમાં હાજર પણ હોતા નથી તેવી ફરિયાદો વ્યાપક ઉઠવા પામી છે. આ ઉપરાંત જિલ્લામાં વેરા વસુલાતની નબળી કામગીરીને લઈ આજે નારાજ થયેલા જિલ્લા વિકાસ અધિકારીએ આ સૂચના આપી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયત કચેરી દ્વારા આ અંગે અગાઉના સરકારી આદેશોને ટાંકીને એક વિગતવાર પરિપત્ર પણ જારી કરી દેવામાં આવ્યો છે.

કોરોનામાં માતાપિતાની છત્રછાયા ગુમાવનાર વિદ્યાર્થીઓને નિશુલ્ક શિક્ષણ અપાશે

પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સમર્પણ ગૃપની તમામ શાળાઓમાં આવા વિદ્યાર્થીઓને વિના મુલ્યે શિક્ષણ આપવાનો નિર્ણય લીધો : કે જી થી ધો ૧૨ ના વિદ્યાર્થીઓને પણ ફી માં ૧૫ ટકા રાહત : ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ દ્વારા પણ માતાપિતા ગુમાવનાર વિદ્યાર્થીઓની ફી માફ કરાશે

ગાંધીનગર તા ૪

કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ એક ઉમદા પગલુ ભર્યુ છે. તેમણે જે બાળકોના માતા પિતાએ બંન્ને સ્વજનો ગુમાવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને સમર્પણ ગૃપની દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં પુરા અભ્યાસકાળ માટે નિશુલ્ક શિક્ષણ આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત સમર્પણ પબ્લિક સ્કુલના કે જી થી ધો -૧૨ સુધી પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓની ફી માં પણ ૧૫ ટકા જેટલી રાહત આપવામાં આવી છે. કોરોનાની મહામારીના લીધે વિદ્યાર્થીઓનુ ભવિષ્ય ધુંધળુ ન થાય તે માટે દરેકને કોઈપણ ભેદભાવ વગર લાભ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ દ્વારા સંચાલિત સે-૨૫ સ્થિત ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના હીતમાં પણ નિર્ણય લેવાયો છે.કોરોનાની મહામારીમાં માતાપિતા ગુમાવ્યા હોય તેવા વિદ્યાર્થીઓની સંસ્થા દ્વારા ૧૦૦ ટકા ફી માફી કરવામાં આવી છે. જયારે અન્ય વિદ્યાર્થીઓની ફી પણ વાલીઓને પોષાય તેવી રાખવામાં આવી છે. કોરોનાની મહામારીના કપરા સંજોગોમાં વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા તા ૭ જુનથી રાબેતા મુજબ વર્ગો શરૂ થઈ જશે તેમ પણ જણાંવાયુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com